જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૪/૯/૨૦૧૪ ગુરૂવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૨૨૫૯/૧૪

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૬ કેસ કરી ૨૪ વ્યક્તિઓને ઝડપી ૧૮૯ લીટર દેશી દારૂ અને ૫ બોટલ ઇગ્લીશ દારૂ કબજે કર્યો હતો. તેમજ જુગારધારા હેઠળ ૧ કેસ કરી ૨૨ વ્યક્તિઓને ઝડપી રૂપિયા ૧,૬૩,૪૦૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૨૨૬૦/૧૪

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૯૦ વ્યક્તિઓની અટકાયત કરી હતી.તેમજ પ્રોહી ૯૩ મુજબ ૦૭ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

## ઘરફોડ :- સમાચાર યાદી નં.૨૨૬૧/૧૪

**કારંજઃ** વાસુદેવ પ્રહલાદરાય ચાંદવાણી (રહે.તુલીપ સીટાડેલ ફ્લેટ શ્રેયસ ટેકરા આંબાવાડી) એ કારંજ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨/૯/૧૪ રાતનાં ૯/૦૦ થી તા.૩/૯/૧૪ સવારના ૧૦/૦૦ વાગ્યા દરમ્યાન જી પી ઓ રોડ ખાતે ઓપેરા હાઉસમાં આવેલ પોતાની દુકાન નંબર ૧૦૬ માંથી રૂપિયા ૧૮,૦૦૦/- અને દુકાન અને ૧૦૧ જીન્સ પેન્ટ નંગ-૨૧૦ કિમત રૂપિયા ૬૩,૦૦૦/- મળી કુલ કિમત રૂપિયા ૮૧,૦૦૦/- મતાની અજાણી વ્યક્તિ ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી આઈ એન ઘાસુરા ચલાવે છે.

**ખોખરા :** નવનીતલાલ મણીલાલ પટેલ (રહે.શ્યામલ એપાર્ટમેન્ટ, મણીનગર પુર્વ મણીયાસા, મણીનગર) એ ખોખરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨/૯/૧૪ કલાક ૦૦/૦૦ થી સવારનાં ૬/૦૦ વાગ્યા દરમ્યાન પોતાના મકાનનાં દરવાજાનો નકુચો તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી સોનાની લગડી કિંમત રૂપિયા ૫૫,૦૦૦/-, સોનાની બુટી કિમત રૂપિયા ૭,૦૦૦/- અને ચાંદીનાં સિક્કા કિંમત રૂપિયા ૩,૦૦૦/- મળી કુલ રૂપિયા ૭૫,૦૦૦/- મતાની ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી આર.એન.ચૌહાણ ચલાવે છે.

**<u>ચોરી :-</u>** **<u>સમાચાર યાદી નં.૨૨૬૨/૧૪</u>**

**એલીસબ્રીજ:** સુભાષચંદ્ર મોતીલાલજી નેબનાની (રહે.સાગવાડા કસળા જીલ્લો ડુંગરપુર રાજસ્થાન) એ તા.૩/૯/૧૪ નારોજ એલીસબ્રીજ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧/૯/૧૪ બપોરના ૧૨/૪૫ બાગ્યાના સુમારે ગીતા મંદિર સર્કલથી શટલ ઓટોરિક્ષામાં બેસી પાલડી ચાર રસ્તા ગયા હતા. દરમ્યાન ઓટોરિક્ષામાં બેઠેલ અજાણ્યો પુરૂષ સુભાષચંદ્રની નજર ચુકવી થેલામાંથી રૂપિયા ૪,૦૦,૬૦૦/- ચોરી કરી લઈ પલાયન થઈ ગયો હતો. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી ડી ડી વસાવા ચલાવે છે.

**<u>કરંટ લાગતાં મૃત્યુ :-</u>** **<u>સમાચાર યાદી નં.૨૨૬૩/૧૪</u>**

**દાણીલીમડા:** રીઝવાનાબાનુ મોહસીનભાઇ રંગરેજ (ઉ.વ.૨૫)(રહે.ફૈઝલનગર, વર્કશોપ પાછળ, દાણીલીમડા) તા.૩/૯/૧૪ કલાક ૧૧/૦૦ વાગ્યાના સુમારે ઇલેક્ટ્રીક વોશીંગ મશીનમાં કપડાં ધોતા હતા ત્યારે કરંટ લાગતાં સારવાર માટે વા.સા.હોસ્પીટલમાં લઇ જતાં ફરજ પરનાં ડૉ.શ્રીએ રીઝવાનાબાનુને મૃત જાહેર કર્યા હતા. આ અંગે દાણીલીમડા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી આઇ.કે.બોદર ચલાવે છે.

**<u>આત્મહત્યા :-</u>** **<u>સમાચાર યાદી નં.૨૨૬૪/૧૪</u>**

**વટવા :** પુજાબહેન સરમનસિગ કુશ્વાહ (ઉ.વ.૨૦) (રહે.હરીદર્શન પાર્ક સોસાયટી, મોની હોટલનાં ખાંચામાં, વટવા) એ પોતાના પિતાના મૃત્યુનો આઘાત સહન ન થતાં તા.૩/૯/૧૪ સવારના ૯/૧૫ વાગ્યાના સુમારે પોતાના ઘરે રસોડામાં પંખાના હુકમાં દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે વટવા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એમ.આર.પરમાર ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર
પોલીસ કમિશનર વતી.